# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-10-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM SHASTRPUJAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુખ્યમંત્રી નિવાસસ્થાને શસ્ત્ર પૂજન કરી સર્વે નાગરિકોને દશેરાના પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.. મુખ્યમંત્રીના સલામતી અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓ દ્વારા પ્રતિ વર્ષ વિજયાદશમીએ શસ્ત્ર પૂજન વિધિ મુખ્યમંત્રી નિવાસના પ્રાંગણમાં યોજાય છે. આ વર્ષે યોજાયેલી શસ્ત્ર પૂજન વિધિમાં મુખ્યમંત્રીના સલામતી પોલીસ અધિક્ષક ચિંતન તેરૈયા અને નાયબ પોલીસ અધિક્ષકો, પોલીસ ઇન્સ્પેક્ટરઓ, સબ ઇન્સ્પેક્ટરઓ મળીને 50 જેટલા સુરક્ષા કર્મીઓ જોડાયા હતા.

# DASHERA- GOVERNOR/ CM

અસત્ય પર સત્યના વિજયનો પર્વ એટલે વિજ્યાદશમી. આજે રાજ્યભરમાં અનેક સ્થળોએ રાવણ દહન, શસ્ત્રપૂજનનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ સૌ નાગરિકોને વિજ્યાદશમીની શુભકામનાઓ પાઠવી છે. તેઓએ જણાવ્યું કે, દરેક વ્યક્તિ તેમનામાં રહેલા ગુણદોષને પારખી મનની નબળાઇઓ ઉપર જીત મેળવે તે જ સાચી વિજ્યાદશમી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિજ્યદશમીની શુભેચ્છાઓ પાઠવતા સૌ નાગરિકોને જણાવ્યું કે, આ પર્વ આસુરી શક્તિ પર દૈવી શક્તિનાં વિજયનું ઉમંગ પર્વ છે. ઉપરાંત મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે, વિજ્યાદશમી પર્વ સમાજમાં સદભાવના -સમરસતા સૌહાર્દ, પરસ્પર પ્રેમ તથા બંધુતા અને સૌના સાથ, સૌના વિકાસની નેમ પાર પાડનારું બને તેવી આશા વ્યક્ત કરી છે.

# BSF DASHERA

સરહદી સુરક્ષા દળના જવાનો દ્વારા દાંતીવાડા ખાતે દશેરાની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી.. આજના આ દિવસની ઉજવણી નિમિત્તે દાંતીવાડા કેમ્પ ખાતે બે દિવસીય મેળાનું આયોજન કરાયું હતું.. સૈનિકો અને તેમના પરિવારજનો દ્વારા મા દુર્ગાની મૂર્તિનું સ્થાપન પણ કરાયું હતું..

આ મેળા દરમિયાન બી.એસ.એફ જવાનો દ્વારા વિવિધ પ્રકારની વાનગીઓ તૈયાર કરવામાં આવશે. દશેરાના તહેવાર પર, રાવણનું 50 ફૂટ અને કુંભ કર્ણ અને મેઘનાથનું 30-30 ફૂટનું પૂતળું બી.એસ.એફ.ના જવાનો દ્વારા તૈયાર કરવામાં આવ્યુ છે. જેનું આજે દહન કરાશે. આ અવસરે, બોર્ડર ગાર્ડ્સ અને તેજસ્વી 123 બટાલિયનના બાળકો દ્વારા રામલીલાના ટૂંકા સ્કેચ પણ પ્રદર્શિત કરવામાં આવશે. આ બે દિવસ દરમિયાન બીએસએફના ઉચ્ચ અધિકારીઓ પણ મુલાકાત લેશે.

# DASHERA- DIST.

રાજ્યભરમાં આજે અસત્ય પર સત્યના વિજય સ્વરૂપે દશેરા પર્વની ધાર્મિક આસ્થા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. સવારથી જ લોકો ફાફડા- જલેબીની જ્યાફત માણી રહ્યા છે. ફરસાણ અને મીઠાઈની દુકાનો ઉપર ભારે ભીડ જોવા મળી રહી છે. આ ઉપરાંત આજે લોકો નવા વાહનો તથા નવી ચીજવસ્તુઓની ખરીદી કરતાં નજરે પડ્યા હતા.

અરવલ્લી જિલ્લા પોલિસ દ્વારા મોડાસામાં આવેલા જિલ્લા પોલિસ હેડક્વાર્ટર ખાતે શસ્ત્ર પૂજન, અશ્વ પૂજન, તેમજ સાધનોની પૂજા સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યા. આ પ્રસંગે સરકાર દ્વારા નવીન ફાળવવામાં આવેલ પોલિસ વાનને પણ કાર્યરત કરવામાં આવી.

તાપી જિલ્લાના પોલીસ હેડ ક્વાર્ટરસ ખાતે જિલ્લા પોલીસ વડા અને પોલીસ અધિકારીઓ દ્વારા શસ્ત્ર પૂજા કરી હતી.

તો મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષકે પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં શસ્ત્રપૂજન કર્યું..

# SWAGAT ONLINE

રાજ્યમાં સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ હેઠળ અત્યાર સુધીમાં ૬ લાખ ૭૧ હજારથી વધુ રજૂઆતો આવી છે, જેમાંથી ૬ લાખ ૬૬ હજારથી વધુ એટલે કે ૯૯.૨૦ ટકા રજૂઆતોનું સુખદ નિરાકરણ કરવામાં આવ્યું છે.

વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત આપવામાં આવેલી વિભાગ મુજબ સત્તાવાર માહિતી મુજબ, મહેસૂલ વિભાગની ૯૮ ટકા અરજીઓનું સુખદ નિરાકરણ કરાયું છે. જ્યારે ગૃહ વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, પંચાયત, ગ્રામ વિકાસ વિભાગ તેમજ જળ સંપતિ, પાણી પૂરવઠા વિભાગની ૧૦૦ ટકા અરજીઓનું હકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું છે.

# C.UDEPUR- VANBANDHU YOJNA

વન બંધુ યોજના હેઠળ આદિવાસીઓના ઉત્થાન માટે સરકાર કટિબંધ છે. ગુજરાત સરકારના બાગાયત ખાતા દ્વારા સ્વરોજગાર લક્ષી બાગાયત નર્સરી વિકાસ કાર્યક્રમ હેઠળ ૯૦ ટકા સબસિડી લાભાર્થીને આપી પગભર કર્યા છે. પાવીજેતપુર તાલુકાના સુસ્કાલ ગામે પ્રકાશભાઈ રાઠવાને ૨ લાખ ૬૭ હજાર ૫૦૦ ની સબસિડીની સહાય મળી છે. જેના દ્વારા તેમણે નર્સરી વિકસાવી છે. આ નર્સરીને કારણે  ખેડૂતોને ઉત્તમ જાતનો ધરુ મળી રહ્યો છે.. પ્રકાશ રાઠવાએ આ યોજના લાભદાયી હોવાનું જણાવીને સરકારનો આભાર માન્યો હતો..

**(બાઇટ- પ્રકાશ રાઠવા-લાભાર્થી)**

# NARMADA- VIKAS SPTAH

નર્મદા જિલ્લામાં પ્રૌઢ શિક્ષણ વિભાગના મંત્રી ડો.કુબેર ડીંડોરની ઉપસ્થિતિમાં વિકાસ સપ્તાહ અંતર્ગત સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે કાર્યક્રમ યોજાયો.

આ ઉજવણીના ભાગરૂપે રાજ્યના 23 આઈકોનિક સ્થળો ખાતે વિકાસ સંવાદ કાર્યક્રમ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. નર્મદા જિલ્લાના આંગણે આવેલા વૈશ્વિક પ્રવાસન સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે રાજ્યના પ્રોઢશિક્ષણ વિભાગના મંત્રી ડો.કુબેર ડીંડોરની ઉપસ્થિતિમા મહા સંવાદ કાર્યક્રમ સરદાર સાહેબના સાનિધ્યમાં યોજાયો હતો. કાર્યક્રમ શરૂ થતાં પૂર્વે SOUનાં CEO ઉદિત અગ્રવાલે વીવીઆઈપી સર્કિટ હાઉસ ખાતે મુલાકાત કરી હતી.